પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૩૨ | ૨૨ જુલાઈ, ૨૦૨૨, શુક્રવાર; અષાઢ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દ્રૌપદી મુર્મૂનો શાનદાર વિજય

**રાષ્ટ્રપતિની ચૂંટણીમાં દ્રૌપદી મુર્મૂએ ૭૨ ટકા મત મેળવી રચ્યો ઈતિહાસ : રાષ્ટ્રપતિની ચૂંટણીમાં દ્રૌપદી મુર્મૂએ યશવંત સિન્હાને હરાવ્યા છે અને હવે દ્રૌપદી મુર્મૂ ભારતના ૧૫મા રાષ્ટ્રપતિ તરીકે ૨૫ જુલાઈએ શપથ લેશે**

નવી દિલ્હી, તા.૨૧

દેશના ૧૫મા રાષ્ટ્રપતિ પદ માટે યોજાયેલી ચૂંટણીનું પરિણામ જાહેર થઈ ગયું છે. એનડીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂએ ઈતિહાસ રચી દીધો છે. દ્રૌપદી મુર્મૂ દેશના પ્રથમ આદિવાસી અને બીજા મહિલા રાષ્ટ્રપતિ બન્યા છે. દ્રૌપદી મુર્મૂએ સંયુક્ત વિપક્ષના ઉમેદવાર યશવંત સિન્હાને હરાવ્યા છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં દ્રૌપદી મુર્મૂને ત્રણ રાઉન્ડની ગણતરી બાદ કુલ ૫ લાખ ૭૭ હજાર ૭૭ મત મળ્યા છે. એટલે કે દ્રૌપદી મુર્મૂને ૫૦ ટકાથી વધુ મત મળી ગયા છે. જ્યારે વિપક્ષી ઉમેદવાર યશવંત સિન્હાને અત્યાર સુધી ૨ લાખ ૬૧ હજાર ૬૨ મત મળ્યા છે.

દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રપતિ ચૂંટણી જીતી લીધી છે. ત્રીજા રાઉન્ડની ગણતરીમાં જ તેમણે રાષ્ટ્રપતિ બનવા માટે જરૂરી ૫૦ ટકા મત મેળવી લીધા છે. ત્રીજા રાઉન્ડની ગણતરીની વાત કરીએ તો તેમાં કુલ મત ૧૩૩૩ હતા. જેની વેલ્યૂ ૧,૬૫,૬૬૪ હતી. તેમાં મુર્મૂને ૮૧૨ મત મળ્યા. તો યશવંત સિન્હાને ૫૨૧ મત મળ્યા છે. કુલ



ત્રણેય રાઉન્ડની વાત કરીએ તો કુલ મત ૩૨૧૯ હતા. તેની વેલ્યૂ ૮,૩૮,૮૩૯ હતી. તેમાં દ્રૌપદી મુર્મૂને ૨૧૬૧ મત (વેલ્યૂ ૫,૭૭,૭૭૭) મળ્યા છે. તો યશવંત સિન્હાને ૧૦૫૮ મત (વેલ્યૂ ૨,૬૧,૦૬૨) મળ્યા છે.

સંયુક્ત વિપક્ષના ઉમેદવાર યશવંત સિન્હાની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં હાર થઈ છે. દ્રૌપદી મુર્મૂની શાનદાર જીત બાદ યશવંત સિન્હાએ ટ્વીટ કરીને તેમને અભિનંદન આપ્યા છે. મત ગણનાના પ્રથમ રાઉન્ડમાં એનડીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂને ૫૪૦ સાંસદોના મત મળ્યા હતા, જેનું મૂલ્ય ૩,૭૮,૦૦૦ છે. તો વિપક્ષી ઉમેદવાર યશવંત સિન્હાને ૨૦૮ સાંસદોના મત મળ્યા જેનું મૂલ્ય ૧,૪૫,૬૦૦ છે. સાંસદોના કુલ મત ૭૪૮ મત પડ્યા, જેનું મૂલ્ય ૫,૨૩,૬૦૦ છે. રાજ્યસભાના મહાસચિવ પીસી મોદીએ જણાવ્યુ કે બીજા રાઉન્ડ બાદ પ્રથમ ૧૦ રાજ્યોના મતપત્રોની ગણતરી કરવામાં આવી, તેમાંથી કુલ કાયદેસર મત ૧૧૩૮ છે, તેની કુલ વેલ્યૂ ૧,૪૯,૫૭૫ છે. તેમાંથી દ્રૌપદી મુર્મૂને ૮૦૯ મત મળ્યા, જેની વેલ્યૂ ૧,૦૫,૨૯૯ છે અને યશવંત સિન્હાને ૩૨૯ મત મળ્યા, જેની વેલ્યૂ ૪૪૨૭૬ છે. ત્રીજા રાઉન્ડની મત ગણતરીનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. જેમાં દ્રૌપદી મુર્મૂને ૮૧૨ મત મળ્યા છે. જ્યારે યશવંત સિન્હાને ૫૨૧ મત મળ્યા છે. ત્રીજા રાઉન્ડમાં કુલ ૧૩૩૩ મત હતા, જેની વેલ્યૂ ૧,૬૫,૬૬૪ હતી. એટલે કે દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જીત મેળવી લીધી છે.

## ઈડી દ્વારા ફરીથી સોનિયાને ૨૫મીએ તેડું

**ગુરૂવારે ઈડી સમક્ષ કોંગ્રેસનાં અધ્યક્ષ હાજર થયા : બે કલાક પુછપરછ : ઈડીની કાર્યવાહીના વિરોધમાં કોંગ્રેસી કાર્યકરો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા**

નવી દિલ્હી, તા.૨૧

નેશનલ હેરાલ્ડ કેસ મામલે ઈડીએ આજે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીની પુછપરછ કરી હતી. આશરે ૨ કલાક સુધી ચાલેલી પુછપરછ બાદ તેમને ૨૫ જુલાઈના રોજ ફરી હાજર રહેવા માટે કહેવામાં આવ્યું છે. ઈડીના અધિકારીઓએ જો પુછપરછ દરમિયાન સોનિયા ગાંધીની તબિયત ખરાબ થશે તો તેમને પાછા જવા દેવામાં આવશે તેમ જણાવ્યું હતું. સોનિયા ગાંધીની સાથે પ્રિયંકા ગાંધી અને ડોક્ટર્સની ટીમ પણ ઈડીના કાર્યાલય પહોંચ્યા હતા.

આ તરફ ઈડીની કાર્યવાહીના વિરોધમાં કોંગ્રેસી કાર્યકરો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા. ગુવાહાટી ખાતે પોલીસે કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરી ત્યાર બાદ અથડામણ સર્જાઈ હતી.

પુછપરછ સમાપ્ત થયા બાદ સોનિયા ગાંધી લંચ માટે નીકળ્યા હતા. નેશનલ હેરાલ્ડ મામલે

● અનુસંધાન પાન-૭ પર



## દેશમાં કોરોનાના ૨૧,૫૬૬ નવા કેસ

નવી દિલ્હી, તા.૨૧

ચોથી વેવની આશંકા વચ્ચે દેશમાં ફરી એકવાર કોરોનાના કેસમાં વધારો થયો છે. દેશમાં ફરી એકવાર ૨૧ હજારથી વધુ નવા કેસ નોંધાયા છે.


સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના આંકડા અનુસાર, ગુરુવારે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૨૧,૫૬૬ નવા કેસ નોંધાયા છે અને આ દરમિયાન ૪૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ સાથે દેશમાં સક્રિય દર્દીઓની સંખ્યા વધીને ૧,૪૮,૮૮૧ થઈ ગઈ છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૧૮,૨૯૪ દર્દીઓ આ જીવલેણ વાયરસને હરાવવામાં સફળ રહ્યા છે અને આ સંખ્યા વધીને ૪,૩૧,૫૦,૪૩૪ થઈ ગઈ છે. હવે દેશમાં સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૪,૩૮,૨૫,૧૮૫ થઈ ગઈ છે અને અત્યાર સુધીમાં ૫,૨૫,૮૭૦ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં સક્રિય કેસોમાં ૩,૨૨૭ નો વધારો થયો છે. દેશમાં હાલમાં સકારાત્મકતા દર ૪.૨૫% છે.

જુલાઈ મહિનામાં કઈ તારીખે કેટલા કેસ નોંધાયા તે આ મુજબ છે. ૨૦ જુલાઈએ ૨૦,૫૫૭ નવા કેસ નોંધાયા હતા અને ૪૦ સંક્રમિતોના મોત થયા હતા.

## મેનકા ગાંધી અને વરૂણ ગાંધીના ટીએમસીમાં જોડાવાની અટકળો

**છેલ્લા કેટલાક સમયથી ભાજપ સાથે ખટરાગ : વરૂણ વિભિન્ન મુદ્દે ભાજપની નીતિની ટીકા કરતા જોવા મળ્યા છે**



નવી દિલ્હી, તા.૨૧

મમતા બેનર્જીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસ આજે પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતા ખાતે એક મોટી બેઠક યોજવા જઈ રહી છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને ટીએમસીના સુપ્રીમો મમતા બેનર્જી પાર્ટીની શહીદ સભાને સંબોધિત કરવાના છે.

દેશના પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના પૌત્ર તથા ભાજપના સાંસદ વરૂણ ગાંધી તથા ઈન્દિરા ગાંધીના પુત્રવધૂ મેનકા ગાંધી પણ આ કાર્યક્રમમાં હાજરી આપવા માટે કોલકાતા પહોંચ્યા છે. આ સાથે જ વરૂણ ગાંધી તથા મેનકા ગાંધી ટીએમસીમાં જોડાશે તેવી અટકળોએ જોર પકડ્યું છે અને રાજકારણમાં ખળભળાટ વ્યાપ્યો છે. વરૂણ અને મેનકા ઉપરાંત ભાજપના ૩ ધારાસભ્યો પણ ટીએમસીમાં જોડાઈ જશે તેવી અટકળો થઈ રહી છે.

વરૂણ અને મેનકા ગાંધીનું કોલકાતા પહોંચવાનું કારણ સ્પષ્ટ નથી થયું. પરંતુ જો તેઓ ધર્મતલામાં મમતા બેનર્જીની સભામાં ટીએમસીમાં જોડાશે તો તે રાજકીય દૃષ્ટિએ ખૂબ જ મહત્વપૂર્ણ ઘટના બની રહેશે.

## US-UK, કેનેડાની ફ્લાઈટની ટિકિટના ભાવમાં ૨૦૦% જેટલો વધારો

**વિદેશ અભ્યાસાર્થે જતાં વિદ્યાર્થીઓ પર બોજો વધ્યો : જુલાઈ ૨૦૨૧માં કેનેડાની ઈકોનોમી ક્લાસની વન-વે ટિકિટનો ભાવ ૭૫,૦૦૦ રૂપિયા હતો, જે હવે ૨.૨ લાખ રૂપિયા સુધી પહોંચી ગયો છે**

અમદાવાદ,તા.૨૧

યુકે, યુએસ અને કેનેડાની યુનિવર્સિટીઓમાં એડમિશન લેનારા ગુજરાતના વિદ્યાર્થીઓને 'ફેર ટર્બ્યુલન્સ' પરેશાન કરી રહ્યું છે. ગત વર્ષના જુલાઈની સરખામણીએ ઈન્ટરનેશનલ એરલાઈન્સે ટિકિટના ભાડામાં ૧૪૦%થી ૨૦૦%નો વધારો ઝીંક્યો છે. ઈકોનોમી ક્લાસની ટિકિટનું ભાડું બિઝનેસ ક્લાસના ટિકિટના ભાડા જેટલું જ ઊંચું છે. અમદાવાદના ટ્રાવેલ કન્સલ્ટન્ટ અબ્રાર છીપાએ જણાવ્યું, "જુલાઈ ૨૦૨૧માં કેનેડાની ઈકોનોમી ક્લાસની વન-વે ટિકિટનો ભાવ ૭૫,૦૦૦ રૂપિયા હતો. જે હવે ૨.૨ લાખ રૂપિયા સુધી પહોંચી ગયો છે. આ જ પ્રકારે, ગત વર્ષે જુલાઈમાં લંડનની એક ટિકિટનો ભાવ ૨૬,૦૦૦થી ૩૫,૦૦૦ની વચ્ચે હતો જે આ વર્ષે ૫૫,૦૦૦થી ૭૫,૦૦૦ રૂપિયાની વચ્ચે છે." ગત વર્ષે જુલાઈમાં યુએસની વન-વે ઈકોનોમી ક્લાસની ફ્લાઈટ ટિકિટની કિંમત ૪૫,૦૦૦થી ૬૧,૦૦૦ની વચ્ચે હતી જે ચાલુ વર્ષે ૧.૨૨ લાખથી ૧.૫ લાખ રૂપિયા છે. અબ્રારનું માનીએ તો, આ સમયગાળામાં ભારતીય વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે આ દેશોમાં જતાં હોય છે. એવામાં ધસારો વધારે હશે તેવું માનીને એરલાઈન્સે ટિકિટ ભાડામાં વધારો કર્યો છે.

ભાવનગરની મોક્ષા ભાટીએ કેનેડાની યુનિવર્સિટી ઓફ કેલગરીમાં કેમિકલ મેનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કરવા માટે એડમિશન લીધું છે. તેણે હાલમાં જ કેનેડા જવાની વન-વે ટિકિટ માટે ૨.૨ લાખ રૂપિયા ચૂકવ્યા છે. આ જ પ્રકારે અમદાવાદની વિદ્યાર્થિની જાનકી ગેવરિયાએ ઓહાયોની ક્લિવલેન્ડ યુનિવર્સિટીમાં માસ્ટર ઓફ કમ્પ્યૂટર સાયન્સ કરવા માટે એડમિશન લીધું છે. તેણે વન-વે ટિકિટના ૧.૫૨ લાખ રૂપિયા ખર્ચ્યા છે. તેણે મલ્ટીપલ સ્ટોપનો વિકલ્પ લીધો છે. તે ૨૮ જુલાઈએ યુએસ જવાની છે. "મારે ૮ ઓગસ્ટ પહેલા યુએસ પહોંચવાનું છે. મેં યુએસની ડાયરેક્ટ ફ્લાઈટના એર-ફેર ચેક કર્યા તો એક ટિકિટના ૨.૫૦ લાખ રૂપિયા હતા. એટલે મેં મલ્ટીપલ સ્ટોપનો વિકલ્પ લીધો જેથી ટિકિટની કિંમત થોડી ઘટી જાય. હું લંડન અને ન્યૂયોર્ક થઈને ક્લિવલેન્ડ પહોંચીશ, તેમ જાનકી ગેવરિયાએ જણાવ્યું. ગત વર્ષની સરખમાણીમાં ચાલુ વર્ષે ટિકિટના ભાડામાં સરેરાશ ૬૦થી૮૦ ટકાનો વધારો થયો છે અને તેના બહુવિધ કારણો છે. ઈંધણની કિંમતમાં વધારા ઉપરાંત માગની સરખામણીમાં ફ્લાઈટ્સ ઓછી છે, તે પણ કારણ છે", તેમ ટ્રાવેલ એજન્ટ્સ અસોસિએશન ઓફ ઈન્ડિયાના ચેરમેન વિરેન્દ્ર શાહે જણાવ્યું.

## શિંદેની સંગઠનને શિવસેનાના રૂપમાં માન્યતા આપવા માગ

**શિવસેનામાં મહત્વપૂર્ણ માનવામાં આવતી પ્રતિનિધિ સભામાં ૨૮૨ સદસ્યો છે : ૧૮૮ સભ્યો કરવાનો પ્રયાસ**

મુંબઈ, તા.૨૧

મુખ્યમંત્રી એકનાથ શિંદે શિવસેનાના ધારાસભ્યો અને સાંસદોને તોડીને પાર્ટીના સમગ્ર સંગઠનને સંભાળવા માટે નિર્ણાયક પગલાં લેવાનું શરૂ કરી દીધું છે. હવે તેઓ શિવસેનાને હાઈજેક કરવાની માટે તૈયારીમાં છે. શિંદેએ બુધવારે કેન્દ્રીય ચૂંટણી આયોગને એક પત્ર મોકલ્યો હતો. તેમાં તેમણે માગ કરી કે, તેમના સંગઠનને શિવસેનાના રૂપમાં માન્યતા આપવામાં આવે. તેમણે એમ પણ કહ્યું કે, અમને શિવસેનાનું ધનુષ-બાણનું પ્રતીક મળવું જોઈએ.

શિવસેનાના ધારાસભ્યો, સાંસદો અને કાઉન્સિલરો મોટાભાગે વિભાજિત છે પરંતુ એકનાથ શિંદે માટે શિવસેના સંગઠન પર નિયંત્રણ રાખવું એટલું સરળ નથી. જો કે, તેઓએ આ દિશામાં પગલાં ભરવાનું શરૂ કર્યું છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ બાદ હવે તેમની નજર શિવસેનાના પદાધિકારીઓ પર છે.

શિવસેના સંગઠનમાં સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવતી પ્રતિનિધિ સભામાં ૨૮૨ સદસ્યો



છે. એકનાથ શિંદે હવે તેમાંથી બે તૃતીયાંશ એટલે કે ૧૮૮ સભ્યોને તોડવાની તૈયારી કરી રહ્યા છે. જો તે આમાં સફળ થશે તો શિવસેના અને ઉદ્ધવ ઠાકરે માટે મુશ્કેલ બનશે.

કાયદા પ્રમાણે માત્ર ધારાસભ્ય અને સાંસદના વિભાજનનો મતલબ પાર્ટીમાં વિભાજન નથી. તેના માટે સંગઠનમાં વિભાજન થવું જોઈએ. એટલા માટે જો એકનાથ શિંદે પ્રતિનિધિ સભાના ૧૮૮ સદસ્યોને પોતાના પક્ષમાં કરી લે છે તો તે પૂરી પાર્ટીમાં વિભાજનના દાવાને મજબૂત કરશે.

જોકે, શિવસેના તે જોખમને સમજી ચૂકી છે. એટલા માટે ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરે હાલમાં સંગઠનને મજબૂત કરવા પર ભાર મૂકી રહ્યા છે.

## નુપૂર શર્માની હત્યા માટે સરહદ પારથી આવેલા શખ્સની ધરપકડ

**વિવાદાસ્પદ ટિપ્પણી કરનારા નેતા ટાર્ગેટ પર : રાજસ્થાન પોલીસે એક પાકિસ્તાની નાગરિકની ધરપકડ કરી છે જે સંગઠન તહરીક-એ-લબ્બૈક સાથે પ્રભાવિત છે**

શ્રીગંગાનગર, તા.૨૧

રાજસ્થાન પોલીસે કહ્યું કે, એક પાકિસ્તાની નાગરિકની ધરપકડ કરવામાં આવી છે. જે કથિત રીતે ભાજપાની સસ્પેન્ડ પ્રવક્તા નૂપુર શર્માની હત્યા માટે સરહદ પારથી ભારત આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે, તે પાકિસ્તાન સ્થિત સંગઠન તહરીક-એ-લબ્બૈક સાથે પ્રભાવિત છે. એસ સેંગથિર, અધિક પોલીસ મહાનિર્દેશક (ઈન્ટેલીજન્સ) રાજસ્થાને જણાવ્યું કે, પાકિસ્તાની સંગઠન તહરીક-એ-લબ્બૈકે નૂપુર શર્માને મારવાની યોજના બનાવી છે. પાકિસ્તાની આતંકવાદી રિઝવાન



પણ તહરીક-એ-લબૈકથી પ્રભાવિત છે.

અધિકારીએ જણાવ્યું કે, આઈબી, સીઆઈડી, બીએસએફ, ભારતીય સેના અને સ્થાનિક પોલીસ સહિત અને એજન્સીઓ હવે રિઝવાનની પૂછપરછ કરી રહી છે.

આ એ જ સંગઠન છે જેણે ગયા વર્ષે પાકિસ્તાનમાં ઈમરાન ખાન સરકારને ઘેરવાનું કામ કર્યું હતું અને પાકિસ્તાનમાં અનેક લોકોને મારી નાખ્યા હતા. ભાજપાના સસ્પેન્ડ પ્રવક્તા નૂપુર શર્માના કથિત રીતે હત્યા કરવા માટે આતંરરાષ્ટ્રીય સરહદના માર્ગે આવેલા એક પાકિસ્તાની નાગરિકની રાજસ્થાનના શ્રીગંગાનગર જિલ્લામાં ધરપકડ કરવામાં આવી છે.

## ભારતમાં ફેસબુકના ગ્રોથમાં ચિંતાજનક ઘટાડો જોવાયો

નવી દિલ્હી, તા.૨૧

સોશિયલ મીડિયા સાઈટ ફેસબૂક માટે ભારત એક મોટુ બજાર છે પણ કંપની માટે ચિંતાજનક બાબત એ છે કે, ભારતમાં પહેલી વખત ફેસબૂકના ગ્રોથમાં ઘટાડો થયો છે. ફેસૂબકની માલિકી ધરાવતી મેટા કંપનીના આંતરિક રિસર્ચમાં આ બાબત સામે આવી છે. કંપનીને જાણવા મળ્યુ છે કે, ભારતમાં ફેસબૂકના વળતા પાણી થઈ રહ્યા છે અને તેની પાછળના મુખ્ય કારણોમાં ફેસબૂક પર વધી રહેલુ ન્યુડ કન્ટેન્ટ તેમજ સુરક્ષા અને પ્રાઈવસીનો અભાવ જવાબદાર છે.

વોટસએપ અને ઈન્સ્ટાગ્રામના મુકાબલે ફેસબૂકનો ગ્રોથ ઓછો થયો છે.

